જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૩/૨૦૧૬ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૯૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી ૪૧ વ્યક્તિઓને ઝડપી ૧૮૫ લીટર દેશી દારૂ, ૯૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯ બિયર ટીન, ૨ સ્કૂટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૮,૪૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૯૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૪૯૮/૧૬**

**રખિયાલઃ** નદીમઅબ્બાસ હુસૈનઅબ્બાસ સૈયદ (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ મોમીન મસ્જીદ પાસે રખિયાલ) એ તા.૧૫/૩/૧૬ નારોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૩/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર મોહમદ સાદીક (ઉ.વ.૧૪) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે ડી ડાંગરવાલા ચલાવે છે.

**પાલડીઃ** પારૂલબહેન સંદિપભાઈ મેંઢી (રહે.કૃષ્ણસાગર સોસાયટી વિશ્વામિત્ર બસ સ્ટેન્ડ પાસે જીવરાજપાર્ક વેજલપુર) (વિકાસગૃહના સુપ્રીટેન્ડેડ) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૩/૧૬ બપોરના ૨/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન પાલડી ધુમકેતુ માર્ગ અન્પુર્ણા હોલની બાજુમાં આવેલ વિકાસગૃહમાંથી (૧) જયોતિ સુરેશભાઈ મરાઠી (ઉ.વ.૧૭) અને જયશ્રી મહેન્દ્રભાઈ દંતાણી (ઉ.વ.૧૪) ને અજાણી વ્યક્તિ આપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ જી ગોહિલ ચલાવે છે.

**વેજલપુરઃ** ઈમ્તિયાઝહુસેન અનવરહુસેન કાઝી (રહે.શાહીર રો-હાઉસ ક્લાસીક પાર્કની બાજુમાં જુહાપુરા) એ તા.૧૫/૩/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૩/૧૬ કલાક ૧૦/૦૦ થી સાંજના ૭/૦૦ વાગ્યા દરમ્યાન જુહાપુરા વોડાફોન સેન્ટરની બાજુમાં આઈડીયા કેર નજીકથી પોતાની પુત્રી નમીરાબાનુ (ઉ.વ.૧૬) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર કે ઝાલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૪૯૯/૧૬**

**ક્રાઇમબ્રાન્ચ** : અનુપસિહ જીવાભાઈ પરમાર (રહે.જય અંબે સોસાયટી વિભાગ-ર ભાર્ગવ રોડ કુબેરનગર) એ તા.૧૫/૩/૧૬ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.ર૯/ર/૧૬ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે અનુપસિહના મોબાઈલ ઉપર અજાણ્યા મોબાઈલ નંબરના ધારકે ફોન કરી આઈસીઆઈસીઆઈ બેન્કમાંથી કર્મચારી વાત કરુ છુ તેમ કહી એટીએમ નંબર અને પીન નંબર જાણી લઈ અનુપસિહના ખાતામાંથી રૂપિયા ૩૦,૦૦૦/- ઓન લાઈન ટ્રાંઝેક્શન કર્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઇ. શ્રી વી જે રાઠોડ ચલાવે છે.

**નવરંગપુરાઃ** (૧) કીરીટભાઈ છોટાલાલ ત્રીવેદી (રહે.ન્યુ અલકાપુરી સોસાયટી ગુલબાઈ ટેકરા પોલીટેકનીક પાછળ નવરંગપુરા) એ તા.૧૫/૩/૧૬ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) મૌલીકભાઈ એ શાહ (ર) રાજવી મૌલીક શાહ(બન્ને રહે. શિવ સ્મૃતિ એપાર્ટમેન્ટ પંચશીલ સોસાયટી નજીક ઉસ્માનપુરા) અને (૩) કિરણભાઈ પોપટલાલ શાહ (રહે. રાજતિલક એપાર્ટમેન્ટ નવરંગપુરા) એ ભેગા મળી જે કે ફાયનાન્સીયલ કન્સલટન્ટ નામની ભાગીદારી પેઢીમાં સને ર૦૧૪ થી આજદીન સુધી રૂપિયા ૧૬,૦૦,૦૦૦/- નુ વ્યાજ કે ડીપોઝીટ પરત નહી આપી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી એમ એમ માલીવાડ ચલાવે છે.

(ર) શિવકુમાર રઘુનંદન ચૌહાણ (રહે.રિધ્ધી સિધ્ધી બંગલોઝ સેટેલાઈટ) એ તા.૧૫/૩/૧૬ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) મહેન્દ્રભાઈ મીઠાલાલ ચોપરા (રહે. શાયોના સીટી વિભાગ-૩ આર.સી.ટેકનિકલ રોડ ચાણક્યપુરી) અને (ર) ભાગ્યોદય એસ મિશ્રા (રહે.બી.એસ.મિશ્રા નોટરી) એ ભેગા મળી નવરંગપુરા મીઠાખળી છ રસ્તા સંદપા બિલ્ડીંગ ખાતે સપ્ટેમ્બર ર૦૧૪ થી તા.૧/૧૦/૧૪ સમયગાળા દરમ્યાન શિવકુમારની બીએમડબલ્યુ ગાડી વેચાણ લેવાનુ કહી શિવકુમાર પાસેથી અસલ આરટીઓ રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ કાગળો લઈ જઈ ગાડી પોતાના નામે કરાવવા નોટરી સાથે મળી ખોટી સહી કરી રૂપિયા ૩૮,૪૭,૫૦૦/- બેન્ક લોન મેળવી લઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી એમ એમ માલીવાડ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૫૦૦/૧૬**

**શહેરકોટડાઃ** મયુર બાબુભાઈ પરમાર (ઉ.વ.ર૩) (રહે. બાઈ જીવીની ચાલી વોરાના રોજા પાસે નિર્મળપુરા સરસપુર) એ અગમ્ય કારણસર તા.૧૫/૩/૧૬ કલાક ૭/૦૦ વાગ્યા ના સુમારે પોતાના ઘરે લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ગણપતસિહ વખતસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)